# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૭ અંક : ૧૯૯

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧
**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
**email : hydkmm@gmail.com**

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

નવું વર્ષ ૨૦૧૨ માં આપણે પ્રવેશ્યા. નવું વર્ષ આપ સર્વેને લાભદાયક રહે એવી ઈશ્વર પાસે પ્રાર્થના. મંડળની દરેક પ્રવૃત્તિઓ રાબેતા મુજબ ખુબજ સારી રીતે ચાલી રહી છે. યુવા વર્ગનો ૩૧ ડિસેમ્બર ૨૦૧૧ નો કાર્યક્રમ ખુબજ સફળતાપૂર્વક પાર પડયો તે માટે તેઓને હાર્દિક વધાઈ.

મકર સંક્રાંતીના ઉત્સવમાં પણ પતંગ ઉડાવવાનો આનંદ માણ્યો હશે

મધ્યમવર્ગ માટે કપરા દિવસો દેખાય છે. મોંઘવારી, પાણી, લાઈટના ભાવો ડબલ થયા છે. જરૂરિયાતમંદ કુટુંબોને યોગ્ય મદદ ચાલુ છે. છતાં તકલીફ હોય તો જણાવશો જેથી યોગ્ય કાર્યવાહી કરી શકીએ.

## સ્વાગત ૨૦૧૨

પાઠવીએ પરસ્પર, નૂતન વર્ષાભિનંદન
ઈચ્છીએ ૨૦૧૨ નું વર્ષ, લાવે જીવનમાં શાંતિ અને હર્ષ.

ચાલો આ નૂતન વર્ષે, કરીએ મક્કમ નિર્ધાર
ભારતીય ન રહે કોઈ, બેઘર કે બેકાર.

એક બીજાનો ઝાલીએ હાથ, સુખ દુખમાં રહીયે સાથ
સંપ, શિસ્તથી કરીને કામ, ભારતનું ઉજ્જવળ કરીએ નામ.

**દિલીપ કે. મેહતા**, કોચીન

## આ માસની ડાયરી

| | | |
|---|---|---|
| ૨૧-૧-૨૦૧૨ શનિવાર | મહિલા સમિતિ | **અન્તાક્ષરી** |
| ૨૧-૧-૨૦૧૨ શનિવાર | માનવમિત્ર સમિતિ | દેવનાર ફાઉન્ડેશન ફોર બ્લાઈન્ડ **સ્પોર્ટસ ડે** |
| ૨૬-૧-૨૦૧૨ ગુરૂવાર | માનવમિત્ર સમિતિ | દેવનાર ફાઉન્ડેશન ફોર બ્લાઈન્ડ **ધ્વજવંદન તથા અન્ય કાર્યક્રમ** |

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**

# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

ઈ.સ. ૨૦૧૧ એ વિદાય લીધી. ગત સાલમાં દેશમાં અનેક સારી, નરસી ઘટનાઓ ઘટી. આપણા જીવનમાં પણ વર્ષ દરમિયાન અનેક ઘટનાઓ ઘટી હશે. ઈ.સ. ૨૦૧૧ ની શરૂઆતમાં શું શું કરવાના સંકલ્પ કરેલ અને તેમાંથી કેટલા પુર્ણ કરી શક્યા છીએ તેનું બેલેન્સ સીટ કાઢી સમિક્ષા કરવાનો સમય છે. સાથે સાથે ઈ.સ. ૨૦૧૨ ની શરૂઆતમાં વર્ષ દરમિયાન શું શું કરવાનું છે તેના સંકલ્પ કરીએ. સંસારમાં ઘણીવાર આપણા ઈચ્છવા પ્રમાણે નથી બનતું તેનાથી નાસિપાસ થયા વિના, કોઈ પણ પરિસ્થિતિમાં જીવન તરફ સકારાત્મક અભિગમ અપનાવવાથી દુષ્કર પરિસ્થિતિઓ પણ આસાન બની જશે. એટલે ...

***THINK POSITIVE, BE POSITIVE AND BE HAPPY IN THE YEAR 2012***

'નિયાપો' ના ગત માસના અંકમાં થોડો સુધારો કરવાની કોશિષ કરી છે. અક્ષરોની ડિઝાઈન બદલાવેલ છે જેથી વાંચકોને વાંચવામાં સુગમતા રહે તેમજ મેટરની સેટીંગમાં પણ ફેરફાર કરેલ છે. વિવિધામાં હલકી ફુલકી વિવિધતા પણ લાવવા કોશિષ કરેલ છે. આશા છે આપને તે ગમી હશે. આ બાબતમાં આપના સુઝાવ હોય તો જરૂરથી જણાવશો.

'નિયાપો' ના સહ સંપાદક રહી ચુકેલ શ્રી ટોકરશીભાઈ મુલજી વોરાનું દુઃખદ અવસાન (૮૩ વર્ષની ઉમરે) ૧૫ મી ડિસેમ્બરે પાલિતાણામાં થયેલ છે. તેઓ 'નિયાપો'ની વિવિધા કોલમના પ્રણેતા હતા. તેમના સંચાલન દરમ્યાન વિવિધા કોલમમાં તેઓએ અનેક વિવિધ વાંચન સામગ્રીઓ, પીરસી, વાંચકોના મન હરી લીધેલ. હજુ સુધી તેઓની કૃતિઓ નિયાપોમાં પ્રકાશિત થતી રહેલ છે. નિયાપો તેમને શ્રદ્ધાંજલી અર્પતા, ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના કરે છે.

**જાહેર-ખબરો માટે એક અગત્યની સુચના**

નિયાપો માં પ્રકાશન માટે જે ભાઈ-બહેનો તેમજ વ્યાપારી સંસ્થાનો પોતાની જાહેર ખબરો આપે છે, તે સૌને તેમના સહકાર બદલ આભાર. આપ સહુને ખાસ વિનંતી કે પોતાની જાહેર-ખબરો સમયસર મંડળની ઓફિસમાં મોકલાવી દે - મોડામાં, મોડું મહિનાની ૩૦ તારીખ સુધી પહોંચે તેમ કરશો. જેઓ સી.ડી. મોકલાવતા હોય તેઓને વિનંતી કે સાથે જા.ખ. ની એક પ્રીન્ટ પણ મોકલાવે. આપના સહકારની અપેક્ષા સાથે....

**લેખકોને નમ્ર વિનંતી :** સાહિત્યને લગતા (વિવિધા વિભાગ) લખાણ દર મહિનાની ૨૦ તારીખ સુધી સ્વીકારવામાં આવશે અને ત્યાર પછીના મહિનાઓમાં યોગ્યતાના આધારે નિયાપો માં પ્રગટ કરવામાં આવશે. લખાણની મુખ્યભાષા ગુજરાતી રહેશે. પણ મર્યાદિત પ્રમાણમાં કચ્છી, હિન્દી કે અંગ્રેજી ભાષાના લખાણો સ્વીકારવામાં આવશે. લખાણો ટુંકા, મુદ્દાસર અને ફુલસ્કેપ પેપરની એકજ બાજુએ સ્પષ્ટ વાંચી શકાય તેવા અક્ષરે લખવા જરૂરી છે. મૌલિક લખાણને અગ્રતા આપવામાં આવશે.

લખાણમાં સુધારા વધારા કે ઘટાડા કરવાનો કે સામગ્રી સ્વીકાર/અસ્વીકાર કરવાનો અધિકાર સંપાદક મંડળને રહેશે. લખાણ ઉપર લેખકનું નામ, સહી, સરનામું તથા ફોન નંબર આપવા જરૂરી છે. ચબરખી કે આડા અવળા પેપરોમાં મોકલવામાં આવતી કોઈપણ મેટર / સમાચાર સ્વીકારવામાં નહીં આવે તેની નોંધ લેવા વિનંતી.

**સંપાદક મંડળ**



## મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

શિયાળાની ગુલાબી ઠંડક ભર્યા વાતાવરણમાં નવ-વર્ષ ૨૦૧૨ નું આગમન થયું છે. ઘણી ઘણી આશાઓ અને અરમાનો સહ આપણે સહુ નવ વર્ષનાં વધામણાં કરીએ અને ૨૦૧૨ નું વર્ષ સર્વને સુખદાયી અને મંગળમય નીવડે એવી પ્રાર્થના કરીએ.

યુવા-સમિતિ દ્વારા ૩૧ ડીસેમ્બરનાં કચ્છી ભવનમાં નવ-વર્ષની ઊજવણી ખૂબજ હર્ષભેર તથા સફળતા પૂર્વક કરવામાં આવી. લગભગ ૪૦૦ યુવાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો. સંચાલક શ્રી કુનાલ હરીયા અને સહ-સંચાલકોને ખૂબ-ખૂબ અભિનંદન. વિસ્તૃત જાણકારી સંચાલકશ્રી આપશે.

ડીસેમ્બર માસનો નિયાપો નવા લેખો અને કલર પેજ સાથે પ્રકાશિત થયો. નિયાપો ને સારો પ્રતિસાદ મળવાથી સંપાદકોનો ઉત્સાહ વધે એ સ્વાભાવિક છે. સંપાદકોને અભિનંદન. વેબ સાઈટ પર પણ સરસ લાભ લેવાઈ રહ્યાની જાણકારી મળે છે, શ્રી પંકજભાઈ વલભજી સાવલાને અભિનંદન.

દક્ષિણ ભારત કચ્છી વિશા ઓસવાલ એકમ દ્વારા તા. ૧૪ અને ૧૫ જાન્યુઆરીના દિવસે મહા સમ્મેલન નું આયોજન કરવામાં આવેલ જે સફળતાપૂર્વક સંપન્ન થયું છે.

આ ઉપરાંત આંધ્ર પ્રદેશ કચ્છી વિશા ઓસવાલ ઘટક દ્વારા તા. ૨૯-૧-૨૦૧૨ ને દિવસે એક કચ્છી નાટક **'કોટંબ કમાલ ત જેન્ધગી ધમાલ'** નું આયોજન કરવામાં આવશે. જેમા ભાગ લેવા સર્વ સભ્યોને વિનંતિ.

આનંદ સાથે જણાવવાનું કે શ્રી પ્રવિણભાઈ પાસુભાઈ સાવલાએ સ્વેચ્છાએ ગુજરાતી ભાષાનાં વર્ગો શરૂ કર્યા છે. દર રવિવાર સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ સુધીનો સમય રાખવામાં આવ્યો છે. ૧૦ થી ૧૫ બાળકો લાભ લઈ રહ્યા છે. ઈચ્છુક બાળકોએ શ્રી પ્રવિણભાઈ નો સંપર્ક કરવા વિનંતિ.

તા. ૧૦-૧૨-૨૦૧૧ નાં કચ્છી ભવનમાં કારોબારીની એક સભાનું આયોજન થયું હતું.

બીજું સહર્ષ જણાવવાનુ કે વિવિધ લગ્ન પ્રસંગે મંડળને નીચે મુજબની ભેટ મળેલ છે. સહુ દાતા પરિવારોનો આભાર...

**આભાર**

૧) ૨૫,૦૦૦/- ચિ. સુભાષના લગ્ન પ્રસંગે રતનબેન વિશનજી શીવજી હરિયા પરિવાર

૨) ૫,૫૫૫/- ચિ. નિકંજ ના લગ્ન પ્રસંગે શ્રી લક્ષ્મીચન્દ શામજી હંસરાજ સાવલા

૩) ૩,૧૦૦/- ચિ. ખ્યાતીના શુભલગ્ન પ્રસંગે શ્રી ડાહ્યાભાઈ શામજી ભેદા,

૪) ૧,૦૦૦/- શ્રી મહેશકુમાર ધારસી ટાંક - લગ્ન નિમિત્તે ભેંટ

**જીવનમાં રક્ત દાન – મૃત્યુ પછી નેત્ર દાન**

## માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯
સહસંચાલક : વલ્લભજી મેઘજી સાવલા

સહર્ષ જણાવવાનું કે હૃદય રોગને લગતી બિમારીઓનો ચોથો કેમ્પ રવિવાર તા. ૧૯-૨-૨૦૧૨ ના દિવસે રાખવામાં આવેલ છે જે પણ સભ્યો આ કેમ્પમાં લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ પોતાના નામ કચ્છી ભવનની ઓફિસમાં નોંધાવવા વિનંતિ. વહેલો તે પહેલોના ધોરણે ફક્ત ૫૦ જણ ને આ ચેકીંગ માં સમાવી લેવામાં આવશે. નામ નોંધાવતી વખતે જૂના રિપોર્ટ આપણા દવાખાનાના ડૉ. દિપ્તી ભુતાને બતાડીને એમની સહમતી પ્રાપ્ત કરવી જરૂરી છે. કન્સલ્ટેશન ટાઈમ સવારના ૯.૦૦ થી ૧૦.૦૦ નો રહેશે. સ્થળ : અપોલો હોસ્પીટલ, નલ્લાકુંટા, ડૉ. પંકજ ઝરીવાલા (કાર્ડીયોલોજિસ્ટ) ના સહકારથી આ કેમ્પ નિ:શુલ્ક કરવામાં આવે છે જેમાં લિપિડ પ્રોફાઈલ, ફાસ્ટીંગ બ્લડ સુગર ઈ.સી.જી. ટુ.ડી. ઈકો વગેરે ના પરીક્ષણ નો સમાવેશ થાય છે. ત્યારબાદ કોઈ ટેસ્ટ કે ટ્રીટમેન્ટ ની જરૂરત હશે તો રાહત દરે કરી આપવામાં આવશે.

અત્યાર સુધી ૪ કેમ્પ થયા છે જેમાં ૯૫ વ્યક્તિઓએ લાભ લીધેલ છે. સ્વાસ્થ્ય પ્રત્યે સારી એવી જાગૃતિ આવેલ છે. અમૂક કેસ ડિટેક્ટ થતા, ૨ વ્યક્તિઓને એન્જીઓગ્રામ તથા બાય-પાસ સર્જરી થયેલ છે. મંડળ સ્થિત ત્રણે દવાખાના રાબેતા મૂજબ ચાલી રહ્યા છે. આયુર્વેદીક દવાખાનાનો લાભ રોજ ફક્ત ૪ થી ૬ દર્દીઓ લે છે. આ દવાખાનાનો લાભ વધુમાં વધુ વ્યક્તિઓએ લેવો જોઈએ.



## મહિલા સમિતિ

સંચાલિકા : શ્રીમતી ખુશાલી જયેશ નાગડા, ૯૨૪૯૬૫ ૨૨૪૭૬
સહ સંચાલિકા : શ્રીમતી હીના હિતેન નાગડા

શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિ સર્વે બહેનોને ઉતરાયણની હાર્દિક શુભેચ્છાઓ આપે છે અને આમંત્રિત કરે છે, સર્વે બહેનોને ફરી એક વાર, એક સુમધુર અને સંગીતમય કાર્યક્રમ ની લહેજત માણવા.

તા. ૨૧-૧-૨૦૧૨ ને શનિવાર ના સાંજના ૩.૩૦ વાગે, કચ્છી ભવનમાં અમે તમારી રાહ જોઈશું.

આ કાર્યક્રમ છે જુનુ ને જાણીતું, મનગમતુ ને માનીતું, નવરા બેઠા શું કરીએ, કરીએ સારા કામ, શરૂ કરીએ અંતાક્ષરી, લઈને પ્રભુનુ નામ, એક નવા રૂપ સાથે આ જુની રમત રમશું જેમા, ૧૦, ૧૫ કે ૨૦ નહી પરંતુ લગભગ ૧૦૦ થી પણ વધારે બહેનો ભાગ લઈ શકશે.

આ કાર્યક્રમ માટે નું કટ-આઉટ ટાઈમ રહેશે ૪.૦૦ વાગ્યાનું, વહેલા તે પહેલાના ધોરણે ટીમ્સ્ બનાવવામાં આવશે. સમયસર પધારી ને આ કાર્યક્રમ ને પૂર્ણ પણે માણશો. નાસ્તાના કુપન ફક્ત ૪.૦૦ વાગ્યા સુધીજ આપવા માં આવશે, જેનો ચાર્જ રૂ. ૨૦/- રાખેલ છે.


**FOR SALE**

Fully Furnished 3 Bedroom flat for sale at Vaibhav Apartment, 3rd Floor, Ramkote x Road, 1251 sft, Contact : 98666 31712

જા.ખ.

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

ગત નિયાપોમાં જણાવેલ તે મુજબ તા. ૨૬-૧-૨૦૧૨ ના દિવસે નીચે મુજબના કાર્યક્રમનું આયોજન કરેલ છે. સ્થળ : દેવનાર ફાઉન્ડેશન ફોર ધી બ્લાઈન્ડ, ૧-૧૦-૧૨૨, મયુર માર્ગ, (હૈદરાબાદ પબ્લીક સ્કુલની સામેની લેનમાં), બેગમપેટ, હૈદરાબાદ - ૫૦૦ ૦૧૬ ફોન : ૨૭૬ ૭૯૩૧, ૨૭૭૬ ૯૮૩૭.

**તા. ૨૧-૧-૨૦૧૨** : ચક્ષુહિન સાથે સ્પોર્ટ ડે (રમતગમત) ૧૦.૦૦ વાગે સવારે રમતો ક્રીકેટ, ચેસ, કેરમ, સંગીત હરિફાઈ, લીબું ચમચાં વગેરે રમાડવામાં આવશે.

**તા. ૨૬-૧-૨૦૧૨** : સવારના ૧૦.૦૦ વાગે મુખ્ય અતિથી શ્રી સુરેશભાઈ હીરજી ગોસર દ્વારા ધ્વજવંદન ત્યારબાદ ડાન્સ, ફેન્સી ડ્રેસ હરિફાઈ, સંગીત હરિફાઈ, પ્રાઈસ વિતરણ.

સમાજના સર્વે સભ્યોને વિનંતી કે પરિવાર સાથે આ પ્રસંગ ઉપર જણાવેલ સ્થળે સમયસર આવી બ્લાઈન્ડ સ્કુલ ના બાળકો સાથે કાર્યક્રમમાં હાજર રહી તેને સફળ બનાવે.

ઉપરોક્ત કાર્યક્રમ ને સફળ બનાવવા સખી દાતાઓને વિનંતી કે સારી એવી રકમ લખાવે જેથી કાર્યક્રમ સરસ થાય. (રકમ લખાવવા માટે શ્રી હિતેન સંઘોઈ (ફોન નં. ૯૮૪૯૧ ૬૪૨૨૧) નો સંપર્ક કરે.

## આવેલ દાનની વિગત

| દાતાઓનું નામ | આશ્રમ | ગૌશાળા | હોસ્પિટલ | પક્ષીઓ ને ચણ | ૧ ડાયાલિસીસ રૂ. ૫૦૦/- લેખે |
|---|---|---|---|---|---|
| સ્વ. રતનશી પ્રેમજી ગોગરીની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે | ૫,૫૫૫ | - | - | - | - |
| ઝવેરબેન નવિન કાનજી ધરોડ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | - | ૨ |
| એક સદગૃહસ્થ | ૧,૦૦૦ | - | ૫૦૦ | - | - |
| સ્વ. ચુનીલાલ જગશી ગાલાની પ્રથમ પુણ્ય તિથી નિમિત્તેહઃ શ્રીમતી લક્ષ્મીબેન ચુનીલાલ ગાલા | ૧,૦૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૨ |
| શ્રીમતી સરલાબેન પ્રફુલ ગોગરીના જન્મદિન નિમિત્તે | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | - | ૨ |
| શ્રી વસનજી ખેરાજ ગાલાની લગ્ન જીવનની સ્વર્ણજયંતિ નિમિત્તે | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | - | ૨ |
| શ્રીમતી કરૂણાબેન પંકજ નંદુ ના પ્રથમ ઉપધ્યાન તપ નિર્મિત્તે | ૫૦૦ | ૫૦૦ | - | - | ૧ |
| શ્રી સર્વોદય સંઘ | ૫૦૦ | ૫૦૦ | - | - | - |
| સ્વ. દિનાબેન પંકજ ભણસાલીના સ્મર્ણાર્થે | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્વ. દેવેન મણીલાલ ધરોડ | ૨૫૦ | ૫૦૦ | - | - | - |
| શિલ્પાબેન ભાવેશ જોટા, મુંબઈ | - | ૬૦૦ | - | - | - |
| શ્રીમતી જ્યોતિબેન ધનજી વોરા | - | ૫૫૧ | - | - | - |
| કુ. મૈત્રી સુધીર ગાલા | - | ૧૫૦ | - | - | ૧ |
| રચીત વિજય નાગડા | - | - | - | - | ૧૦ |
| એક સદસ્ય તરફથી - મનહર ચૌહાણ | ૩૦૦૦ | ૩૦૦૦ | - | ૩૦૦૦ | - |

**મૂઠીતર અનાજ યોજના**માં ગત માસમાં (નવેમ્બર) ૨૧૫ કીલો ચોખા અને ૩૫ કિલો દાળ પ્રાપ્ત થયેલ છે. તે ઉપરાંત ૫૦ કીલો ચોખા તથા ૧૦ કીલો દાળ પૂ. સ્વ. જગશી દેવજી ગાલા ની પુણ્ય તીથી નિમિત્તે હઃ શ્રી મનહર ચુનિલાલ ગાલા તરફથી પ્રાપ્ત થયેલ તે બધા અનાજનું વિવિધ આશ્રમોમાં વિતરણ કરેલ છે.

## સંસાર ચક્ર

### સગપણ

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. ઉદય અરવિંદ કેશવજી છેડા | ગોધરા | હૈદરાબાદ |
| | ચિ. મોનાલી નરેન્દ્રભાઇ વાઘેલા | દંઢુકા | બેંગલોર |
| ૨) | ચિ. નિરાલી સુધીર મેઘજી ગડા | લઠેડી | હૈદરાબાદ |
| | ચિ. હિતેન હરખચંદ ભાણજી દેઢિયા | કોટડા રોહા | મુંબઇ |
| ૩) | ચિ. જીનલ લલિત ગુલાબરાય સંઘવી | મુંદ્રા | ધનબાદ |
| | ચિ. ધવલ યસવંતલાલ કલ્યાણજી વોરા | ગળપાદર | હૈદરાબાદ |

### શુભલગ્ન

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. ખ્યાતી ડાહ્યાલાલ શામજી ભેદા | ભુજપુર | હૈદરાબાદ |
| | ચિ. નિખંજ લક્ષ્મીચંદ શામજી સાવલા | વાંકી | ચેન્નઈ |
| ૨) | ચિ. પ્રતિક અશ્વીન પ્રભુલાલ શાહ | મુંદ્રા | હૈદરાબાદ |
| | ચિ. મોનીશા વિજયકુમાર અગ્રવાલ | | હૈદરાબાદ |

### પુત્ર જન્મ

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રીમતી નિશી હેમાંગ હરખચંદ સાવલા | મોથારા | ૮-૧૨-૧૧ |
| ૨) | શ્રીમતી બીજલ ગૌરવ રમેશ ગાલા | દેશલપર (કંઠી) | ૫-૧૨-૧૧ |

### પુત્રી જન્મ

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રીમતી હીના લહેર દેવચંદ ગાલા | બાડા | ૭-૧૨-૧૧ |
| ૨) | શ્રીમતી હીરલ મયુર વોરા | નવીનાર | ૧૭-૧૨-૧૧ |
| ૩) | શ્રીમતી હેજલ હિમાંશુ કાન્તીલાલ ધરોડ | પત્રી | |

### શ્રદ્ધાંજલી

| | | | |
|---|---|---|---|
| ૧) | ટોકરશી મુલજી વોરા | ઉ.વ. ૮૩ | નવીનાર |
| ૨) | દિનાબેન પંકજભાઈ ભણસારી | ઉ.વ. ૫૦ | અંજાર |
| ૩) | ઝવેરબેન કુંવરજી ધરોડ | ઉ.વ. ૮૨ | પત્રી |
| ૪) | ભાનુબેન જેઠાલાલ ગાલા | ઉ.વ. ૭૪ | દેશલપર |

# મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

મનોરંજન સમિતિ પ્રસ્તુત કરે છે,
આપણા સમાજના મંચ ઉપર પ્રથમ વાર
એક એવો **મ્યુઝીકલ શો** જેને પ્રસ્તૃત કરશે મુંબઈથી પધારનાર

## નેશનલ ઓર્ગેનાઈઝર ઓફ ડીસેબલ્ડ આર્ટીસ્ટ

રજુ કરશે



## ધી સોલ સ્ટીરીંગ મ્યુઝીકલ શો

## The Sole Stirring Musical Show



**શનિવાર, તા. ૩-૩-૨૦૧૨**

**સમય - રાત્રે ૮.૦૦ વાગ્યા થી**

**સ્થળ - ભારતીય વિદ્યા ભવન, કિંગ કોઠી, હૈદરાબાદ**

જોઈ સાંભળીને અચરજ પમાડતો એક એવો સંગીતમય કાર્યક્રમ જે ને પ્રસ્તુત કરશે એવા કલાકારો જે બધા ફીઝીકલી ચેલેન્જડ છે (જેમાં લગભગ બધા સંગીતકારો અને ગાયકો જોઈ નથી શકતા). આ પ્રેરણામય કાર્યક્રમ કુટુંબ સાથે માણવાનું ચુકતા નહિ.

કાર્યક્રમ માટે સ્પોન્સર્સ શીપ આવકાર્ય છે...ગ્રુપ બુકીંગ, ડોનર પાસ અને વધૂ માહિતી માટે સંપર્ક : **પંકજ હીરજી સાવલા**, ફોન. ૯૮૪૯૭ ૪૭૬૨૫

## યુવા સમિતિ

સંચાલક : કુનાલ તારાચંદ હરીયા
ફોન. ૯૯૮૯૦૭૭૭૭૪

The KMM Yuva Samiti, takes pride in reporting the Committee about the successful event conducted on 31st Dec. 2011 on the eve of New Year at Kutchhi Bhavan. After the success of the first DJ nite 2 years back, there was huge demand among the Kutchi youngsters to conduct a similar program and the history was repeated. This time the theme of the event was inspired by famous Halloween.

The event was an indoor event, very well supported by our lead sponsor **Kalpana Trading Co.** (Mohan bhai) Co-sponsors - **Indian Emporium** (Amish Bhai), **Blue Star Rubber Products** (Raju Bhai) and **Shree Shanti Selection** (Suresh Bhai), **Vishal Cut Piece** (Bharat Bhai) who always trusted us.

The gift were sponsored by **Mehul Dedhia, Silver Eye** (Sanjay Dharod), **Scoops, Aarya** (Gaurav Gada), **Shanti Suppliers** (Nilesh Dedhia), **Sri Raj Jewellery** (Manthan Shah).

Thanks to **Bhartiben Nagda** (AAKAR decors) for excellent decoration based on the theme.

Special thanks to all the Yuva Team (Chirag, Guarav, Kavit, Kamal, Vishal, Sameer, Umesh, Kalpesh, Hiten, Hitesh, Dhiren, Bhavin, Nilesh, Ridhhi, Shubhi, Harshitaa, Bijal, Deepal, Hiral without which the success of the event was not possible.

Activites of the Event : The event was a Halloween DJ nite, to welcome the year 2012. The event had a gathering of around 400 members of various age groups. The environment of the event was electrifying. The participants were dressed up in different costumes, creating the **"Halloween**" environment. Apart from the dance, we had fashion show and fun filled games. To add more attraction to theme, we had tattoos along with the red electrifying horns.

The event was concluded successfully. We had a tremendous response for this event and last minute there was huge demand for the entry passes. We had to halt the registration to 400 members which were taken on first cum first basis and hence were not able to accommodate all the entries.

We wish to conduct such events in future on a larger scale to enteratin more and more members.

We look forward to the continued support always given by the sponsors and the community people to make such events a success. After all KMM Yuva Samiti is - By the Community and for the community.

We will be back with more such activities, keep watching....

**અગર આપને સવારના ઉઠતાં એડીમાં સખત દુઃખાવો થતો હોય,**
**ડાયાબેટીશના દરદીઓને પગમાં બળતરા કે અલ્સર હોય, તળીયામાં ન્યુરોપેથીની શરૂઆત હોય, કપાસીયા, ઘૂંટણમાં - કમરમાં દર્દ, ચીરા, ફ્લાટ ફુટ ઈત્યાદિ માટે એમ.સી.પી સોફ્ટ ફુટવેઅર મળશે જૈન ચામડા વગરનો બ્લેક, બ્રાઉન તથા સાધુ સંતો માટે સફેદ સ્લીપર, ચપ્પલ, સેન્ડલ, બૂટ મળશે. વ્યાપારી પૂછપરછ આવકાર્ય. વ્યક્તિગત ઓર્ડર કુરીઅરથી મોકલવામાં આવે છે. ફીઝીયોથેરેપી ટ્રિટમેન્ટ અમારા ક્લિનીક મા નિયમીત મળે છે. હાઉસ વિઝીટ ફેસીલીટી અવઇલેબલ છે.**

**DR. PRASHANT SHAH**
**Prashant College Building, Opp. Kumar Cinema Theatre, Kachiguda, Hyderabad-27.**
**Ph : 093910 17833, 093999 53035. www.drprashantshah.com**

## આવાસ ગૃહ સમિતિ

સંચાલક : **નવીનચંદ વિશનજી હરિયા**
મો. ૯૮૮૫૦ ૩૧૨૩૨

ચૈતન્યપૂરી સ્થિત શ્રી કચ્છી મિત્ર મંડળ સંચાલિત આવાસ ગૃહમાં ૧ ફ્લેટ ખાલી થયેલ છે. જરૂરિઆતમંદ સભ્ય પરિવારે ૩૧ જાન્યુઆરી ૨૦૧૨ પહેલા લેખીત અરજી કચ્છી ભવન ઓફિસમાં મોકલી આપવી.

## સભ્યપદ સમિતિ

સંચાલક : **મનીષ મગનલાલ સાવલા**
સહ સંચાલકો : **હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા**

સહર્ષ જણાવવાનું કે મંડળની ૧૦-૧૨-૨૦૧૧નાં મળેલ કારોબારી સમિતિની સભામાં નીચે મુજબ વ્યક્તિઓની આજીવન સભ્યપદની અરજીઓ ને મંજુર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નમ્બર |
|---|---|---|---|
| ૧ | કુમાર મિહીર દિનેશ દેઢિયા | ભુજપુર | M/1003/12/11 |
| ૨ | શ્રી વીરેન્દ્ર કાંતિલાલ ગોસર | માંડવી | V/1003/12/11 |
| ૩ | શ્રીમતિ જિગ્ના વિરેન્દ્ર ગોસર | માંડવી | J/1001/12/11 |
| ૪ | શ્રી સંજયકુમાર કાંતિલાલ મોતા | તેરા | S/1003/12/11 |
| ૫ | શ્રીમતિ હર્ષા સંજયકુમાર મોતા | તેરા | H/1005/12/11 |
| ૬ | શ્રીમતિ નીતા મણીકાંત ખંડોર | મોટી ચીરઈ | N/1001/12/11 |
| ૭ | શ્રી યોગેશ પ્રવિણ નાગડા | મોટી સિંધોડી | Y/1001/12/11 |
| ૮ | કુમાર કાર્તિક હરિશ ગાલા | દેશલપુર | K/1006/12/11 |
| ૯ | કુમાર નિશીત કેતન માલદે | લુણી | N/1002/12/11 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળ વતી હાર્દિક અભિનંદન...

## જાહેરાતના નવા દર

| | | | |
|---|---|---|---|
| ૧. | છેલ્લુ પાનું આર્ટ પેપર મલ્ટી કલર | રૂ. | ૨૨૦૦.૦૦ |
| ૨. | અંદરનું બીજુ પાનું આર્ટ પેપર મલ્ટી કલર | રૂ. | ૧૮૦૦.૦૦ |
| ૩. | અંદરનું છેલ્લુ પાનું આર્ટ પેપર મલ્ટી કલર | રૂ. | ૧૮૦૦.૦૦ |
| ૪. | ફુલપેજ સાદુ પેપર | રૂ. | ૬૦૦.૦૦ |
| ૫. | અડધુ પાનું સાદુ પેપર | રૂ. | ૩૫૦.૦૦ |
| ૬. | પા પાનું સાદુ પેપર | રૂ. | ૧૫૦.૦૦ |
| ૭. | સ્ટ્રીપ સાદુ પેપર | રૂ. | ૧૦૦.૦૦ |
| ૮. | મલ્ટી કલર આર્ટ પેપર (અંદરમાં) | રૂ. | ૧૮૦૦.૦૦ (પ્રતિ પાનાના) |

**રાહત :** એક વર્ષની બાર (૧૨) જાહેરાત આપનાર પાસેથી ફક્ત દશ (૧૦) જાહેરાતની રકમ લેવામાં આવશે. આ રાહત દર ઉપર જણાવેલ ૧ થી ૫ સુધીનાનેજ આપવામાં આવશે.

નોંધ : નવા દર જાન્યુઆરી ૨૦૧૨ થી અમલમાં આવેલ છે.

# સંસ્થા સમાચાર

❖ શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ (સીટી) કાચીગુડા, હૈદરાબાદના નેજા હેઠળ સંવત ૨૦૬૭ ના ચાતુર્માસ નિશ્રાદાતા પ.પૂ.સાધ્વીશ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ. સાધ્વીશ્રી કોટીગુણાશ્રીજી મ.સા. ની પાવન નિશ્રામા શ્રાવણ સુદ ૯ રવિવાર તા. ૭-૮-૨૦૧૧ ના વિધિપક્ષ ગચ્છ પ્રવર્તક ત્યાગમૂર્તિ પુજ્ય દાદાગુરૂ આર્ય રક્ષિત સૂરીશ્વરજી મ.સા. એમના જન્મ તિથી નીમિત્તે શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળની સ્થાપના કરવામાં આવેલ છે. આ સામાયિક મંડળ તરફથી દર રવિવારે સવારના ૭.૦૦ થી ૮.૦૦ વાગ્યા સુધી એક કલાક જિનેશ્વર ધામમાં શ્રાવક ભાઈઓ માટે સમૂહ સામાયિક કરાવવામાં આવે છે. આ સામાયિક માં લાભ લેવા માટે શ્રાવક ભાઈઓ પોતાનું નામ અને મોબાઈલ નંબર જિનેશ્વરધામની પેઢીમાં લખાવવા વિનંતી અને દર રવિવારે સમૂહ સામાયિકમાં પધારવા વિનંતી. શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સીટી) જિનેશ્વરધામ, કાચીગુડા, હૈદારાબાદ ફોન : ૨૭૫૫ ૧૬૦૫, ૬૫૯૭ ૬૭૫૫

દર મહિનાના બીજા રવિવારે સમૂહ સામાયિકમાં આવનાર શ્રાવક ભાઈઓને શ્રી ધનજી લખમશી સાવલા તરફથી ભાથું અથવા નવકારશી રાખવામાં આવે છે. અને દર રવિવારે એક સદગૃહસ્થભાઈ તરફથી પ્રભાવના આપવામાં આવે છે.

# હાર્દિક અભિનંદન



**Kumari Rishita Jayesh Maru** Village, Nana Bhadia, Age 8 yrs. Participated in Speed Roller Skating district level competitions from Ranga Reddy district and won 2 Gold Medals. In Inter District Championship of A.P. 2011. She secured 2 Bronze Medals. In Ranga Reddy District open Championship she got 2 Bronze Medals. In school games federation district level she got 2 Silver Medals.

**Kumari Hansini Jayesh Maru**, Village, Nana Bhadia, Age 6 Yrs. participated in Ranga Reddy district level speed Roller Skating Competition and won 2 Gold. She also won 1 Gold & 1 Silver Medal in Inter District Championship of A.P. 2011. In Ranga Reddy district open championship she secured 2 Gold Medals. Again 2 Gold Medals in skate nine roller skating Championship.






**FOR ALL YOUR COMPUTER WORK**

* SOFTWARE INSTALLATION * TROUBLE SHOOTING * VIRUS CLEANING ETC.
* NEW COMPUTER SALES & PURCHASE * COMPUTERISED HOROSCOPE, KUNDLI MATCH MAKING IN HINDI, GUJRATI, TELUGU & ENGLISH LANGUAGE.

**ADVERTISING - DESIGNING - PRINTING - COLOUR PRINTS**

CONTACT **PARAS RAMESH JAGIRDAR 66680780,** (જા.ખ.)

# લગ્ન પ્રસંગે ખર્ચ સરખે ભાગે શા માટે ?

આપ જાણો છો કે, આપણી જ્ઞાતિના લગ્ન વ્યહારોમાં સામાન્યતઃ કન્યા પક્ષે થતાં લગ્ન સંસ્કાર અને સત્કાર સમારોહમાં એક પક્ષીય ખર્ચને બદલે વર અને કન્યા એમ બન્ને પક્ષે સરખે હિસ્સે ખર્ચ કરવો જોઈએ એવો ઠરાવ મહાજનોએ કર્યો છે.

આપણા સમાજે આવા ઉમદા વિચારોને સહર્ષ વધાવી લેવા જોઈએ, સમાજનાં દરેક જ્ઞાતિજનોએ હાથ આગળ વધારવો જોઈએ. જ્યારે સમાજ હિતની વાત આવે ત્યારે કોઈ બે નહીં પણ સમગ્ર સમાજની આર્થિક, સામાજીક, બૌધિક અને આધ્યાત્મિક ભૂમિકાને ધ્યાનમાં લઈને સામાજીક ધારા-ધોરણ નક્કી થાય છે ત્યારે ક્યારેક એકાદ સૂકા ભેગું લીલું બળે તો તેને નજર અંદાજ કરવું રહ્યું.

એક નાનકડો દાખલો આપું કે શાસ્ત્રમાં ક્યાંક અમે વાંચ્યું છે. **કન્યા દાન એ મોટું પુણ્ય કહેવાય, પણ કન્યાનું દાન એટલે શું ?** કન્યાનું દાન એટલે... મા-બાપે અને પિયરપક્ષે જન્મથી કરીને લગ્ન સુધીના જે ઉપકારો કન્યા ઉપર કરેલ છે તેનું ઋણ મા-બાપ દીકરી ઉપરથી ઉતારી લઈને કન્યાદાન કરી નાખે છે એટલે હવે પછી દીકરી 'તારા ઉપર અમારું ઋણ નથી રહ્યું. દિકરી તમે તમારો સંસાર ઋણ મુક્ત થઈને શરૂ કરો. હવે તમારું યુગલ જીવન સુખેથી વિતાવો અને પ્રભુતામાં પગલા માંડો'.

**આવા રૂડા પ્રસંગને આપણે બેઉ પક્ષોએ સમાનતાથી ખર્ચ કરીને ઉજવીએ તો સોનામાં સુગંધ ભળે એવું લાગે.** સમાજનાં મહાજન વડીલોએ ઉપાડેલો અત્યારનો પ્રાણપ્રશ્ન લગ્ન સંસ્કારમાં ખર્ચનો સમાન હિસ્સો એ ખૂબ ધન્યવાદને પાત્ર છે. આપણે બધા એમાં સાથ-સહકાર આપીને આપણી ભૂમિકા ભજવીએ.

આપણાં કચ્છીઓમાં કહેવત છે 'આંઘ્રા વરાયા અચું' ખરેખર એ કહેવતને અનુરૂપ વર્તીને સાર્થક કરીએ. **આંઘ્રા વરાયા અચું - ત વીયાંજો ખર્ચો પણ વરાયું.**

સંકલનઃ **પંકજ વલ્લભજી સાવલા**

## વિચાર વલોણું

**સુખડની માળા** : ઘરમાં મૃત્યુની ઘટના બની છે. સહુ હતપ્રભ બની ગયા છે. કુટુંબીઓ, સગા-વહાલા હેતુસંતોષીઓ, પડોશીઓ, મિત્રો વગેરેની આવનજાવનથી ઘર ધમ ધમે છે. અંતિમ સંસ્કારની પૂર્વ તૈયારીઓ થાય છે. વિવિધ દ્રશ્યો સર્જાયા છે. ક્યાંક હૈયાફાટ રૂદન છે, કોઈક શોકમગ્ન બની ઊભા છે. કેટલાક દૂર ખૂણે ખાંચરે ઊભા રહીને અંતિમ યાત્રા ક્યારે શરૂ થાય તેની રાહ જોતા ઊભા છે. સહુને જવાની ઉતાવળ છે.

મૃત્યુ પણ એવા સમયે થયું કે, ક્યાં તો દુકાન ખુલી ન હોય, ક્યાં તો બંધ થઈ ગઈ હોય અથવા રજાનો દિવસ હોય, સવાલ હતો કે સુખડની માળા ક્યાંથી મળશે ? ચાર પાંચ ઠેકાણે ફોન કર્યા, થોડી ઘણી અહીં તહીંથી એકઠી કરી લીધી, સલાહ મળે છે, ''હતરી માળાએસે હલાય ગનો, ચડાય ભેરી ઓતારી ગનબો'' અને ઈંતેજારીનો અંત આવે છે. અચેતન દેહ પર મૂકવા સુખડની માળાઓ હાથમાં ટીંગાડીને એકાદ વ્યક્તિ ઊભી રહે છે. ઉપસ્થિત ડાધુઓ માળાઓ ચડાવતાં જાય, માળા ઉતરતી રહે, ચડતી રહે છેલ્લી વ્યક્તિ માંગે ત્યાં સુધી આ પ્રક્રિયા વણથંભી ચાલુ રહે છે. હાજર રહેલાઓના ચેહેરા પર વંચાતા ભાવ સંબંધોની ચાડી ખાય છે.

કોઈકના આંક્રદમાં, કોઈની વ્યથામાં શું આ સુખડની માળાઓ દિવંગતને શ્રધ્ધાંજલી રૂપ બની શાતા આપતી હશે ? મૃત્યુ તો દરેકના ઘરમાં આવે છે. ક્યાંક ઠગારૂ બનીને અણચિંતવ્યું તો ક્યાંક ધીમુ ધીમું. સુખડની માળાને બદલે સ્વર્ગસ્થને ભાવપૂર્વક ચરણ વંદન કરી તેમને ભાવાંજલિ ન આપી શકાય ?

માળા ચડાવવી એ કોઈ રિવાજ નથી, પરંપરા નથી, વ્યવહાર નથી, પુણ્ય પાત્ર નથી છે માત્ર ગતાનુગતિક રાહે રૂઢ બનતો જતો એક યંત્રવત શિરસ્તો.

માળા ચઢાવવીજ છે તો યાદ કરીને ઘરેથી લઈ જાવ. તમારા મનની લાગણીઓને દિવંગતની સ્મૃતિઓના તાર સાથે જરૂર જોડી શકો છો. એમા ભાવ હશે, સ્મૃતિની સુવાસ હશે, સાચી અંજલિ હશે.

અનેક રચનાત્મક માર્ગદર્શનો દ્વારા આપણી જ્ઞાતિએ સામાન્ય જનસમાજને યોગ્ય દિશા દાખવી છે. આશા છે આ વાત માટે આપણો ભદ્ર સમાજ જરૂર ચિંતન કરશે.

સંકલન: **પંકજ વલ્લભજી સાવલા**

## ABCD of Numbers...

**Do You Know?**

Letters 'a', 'b', 'c' & 'd' do not appear anywhere in the spellings of ................................ 1 to 99
(Letter 'D' comes for the first time in Hundred)
Letters 'a', 'b' & 'c' do not appear anywhere in the spellings of ................................... 1 t0 999
(Letter 'A' comes for the first time in Thousand)
Letters 'b' & 'c' do not appear anywhere in the spellings of ........................ 1 t0 999, 999, 999
(Letter 'B' comes for the first time in Billion) and
Letter 'C' does not appear anywhere in the spellings of entire english counting

**Neeti Vipul Shah**

## MATRIMONIAL BIO-DATA

| | |
|---|---|
| Name | : Manish Soni |
| Date of Birth | : 12-5-1981 |
| Place of Birth | : Raipur (M.P.) |
| Height | : 5' - 10" |
| Caste | : Kutchi Soni |
| Qualification | : B'com, MB.A. (Finance), Diamond Graduate (DIGJ) Gemologist |
| Occupation | : Jewellery Business |
| Work Experience | : 5 Years in Diamond Jewellery Business in Dubai |
| Hobbies | : Listening Music, Travelling |

**Family Details**

| | |
|---|---|
| Father Name | : Ashok Kumar Soni |
| Mother Name | : Janak A. Soni (House Wife) |
| Sister's | : 2 (Elder) |
| Brother | : 1 (Elder) |
| Address | : Plot 17 Royal Enclave, Old Bowenpally, Secunderabad |
| Contact | : (M) 98485 71638 |
| email | : aksjewel@gmail.com |

# વિવિધા

## શું એમ વાત છે ? સંત પુરૂષની સમતા

આપણે ત્યાં (ભારતમાં) નિષ્કામ ભક્તિ કરનારા અને સુફી સંતોની પરંપરા છે, તેમ બૌદ્ધ ધર્મી ચીન અને જાપાનમાં ઝેન સંતો અને તત્વ ચિંતકોની પરંપરા છે, જેમાં સંત હેકવીન (Hequeen) નું નામ જાણીતું છે. તેના જીવન સાથે સંકળાયેલ એક અતિ જાણીતો પ્રસંગ સુજ્ઞ વાચકો સમક્ષ પ્રસ્તુત છે. ઓલિયા સંતના નિવાસ સ્થાન નજીક રહેતા, એક જાપનીઝ પરિવારની ફુટડી પુત્રીનો પગ કુંડાળામાં પડી ગયો અને કુંવારી માતા બનવાની પરિસ્થિતિ સર્જાઈ ગઈ. મા-બાપ ખૂબ ગુસ્સે થયા અને લજ્જિત પણ. તેમણે આવનાર બાળકના પિતાનું નામ જણાવવા પુત્રી પર ખૂબ દબાણ કર્યું. શરૂઆતમાં તો પુત્રી મૌન રહી. પણ છેવટે ભારે મારઝુડ અને માનસિક દબાણથી થાકી જઈ-ત્રાસી જઈ-દીકરીએ સંત હેકિવનનું નામ આપ્યું. મા-બાપ અત્યંત ગુસ્સામાં ક્રોધમાં રાતા પીળા થતા, સંત હેકવીન પાસે ગયા અને કહ્યું કે સંત મહાત્મા થઈ તમે આવું અધમ દુષ્કૃત્ય કર્યું ? જવાબમાં સંત માત્ર આટલુંજ બોલ્યા, શું એમ વાત છે? વિશેષ કાંઈ પ્રતિભાવ નહીં - ખૂલાશો નહીં. આથી બાળકના જન્મ બાદ બાળક સંતને સોંપી દેવાયું. લોકોએ આકરી ટીકા કરી. સંત ને પાપાત્મા કહી, ફીટકાર વરસાવ્યો. પણ સંત હે કિવને કોઈ પ્રતિભાવ ન આપતાં બાળકને સ્વીકારી લીધું અને તેની ખૂબજ સારી રીતે સંભાળ લેવા લાગ્યા. સમય વિતતો ગયો. પણ કુંવારી માતા પશ્ચાતાપની આગમાં પીડાતી હતી જ્યારે પોતાના જુઠાણા અસત્યનો તાપ તેનાથી જીરવાયો નહીં, ત્યારે તેણે પોતાના મા-બાપને સત્ય હકીકત જણાવી દીધી કે તેના બાળકનો ખરો પિતા તો બજારમાં કામ કરતો એક યુવાન છે. સત્યની જાણ થતાંજ યુવતિના મા-બાપ, સંત હેકિવન પાસે પહોંચી ગયા, હાથ જોડી પગે પડી, ખરા મનથી સંતની માફી માંગી, સાચી વાત જણાવી. બાળક પાછું માંગ્યું. સંતે જરા પણ અચકાયા વગર પળનો પણ વિલંબ કર્યા વગર બાળકને પરત કર્યું. બાળકની સોંપણી કરતાં, સંત હેકિવન ફક્ત આટલુંજ બોલ્યા. **શું એમ વાત છે ?**

સંકલન : **લાહિરી શાહ**

## યાદશકિત - કેવી રીતે વધારશો ?

ઉમર વધવાની સાથે, મોટી ઉમરની વ્યક્તિઓની યાદશકિત કમજોર થતી જાય છે. આવું બનવાનું પહેલું મહત્વનું કારણ છે જરૂરી વિટમિનની ખામી. જેઓમાં વિટામિન બી-૧૨ ઓછું હોય તેમને ઘણી બાબતો યાદ નથી રહેતી. તે ઉપરાંત જેમનામાં વિટામિન બી-૯ (ફોલેટ) ઓછું હોય તેમની પણ યાદશકિત ઓછી થઈ જાય છે. આથી જો ફોલેટ અને બી-૧૨ ભેગાં કરી લેવામાં આવે તો યાદશકિત વધારવામાં ફાયદો રહે છે.

બીજાું મહત્વનું કારણ છે, મગજને નવરું રાખવું સુસ્ત રાખવું, નિરૂપયોગી, રાખવું. આપ જાણો છોકે કોઈ મશીન ઘણા સમયથી બંધ પડ્યું હોય તો જામ થઈ જાય છે. શરીરનું પણ એવું છે. જે ભાગનો તમે ઉપયોગ ના કરતા હો તે ધીરે ધીરે કામ કરતું બંધ થઈ જાય છે. પગ ને જો ચાલતા ન રાખો તો તે કામ આપતા અટકે છે. તેવીજ રીતે મગજને નવરું રાખતા તેની કાર્ય કરવાની ક્ષમતા ઘટતી જાય છે.

આપણે શું કરવું ? શરીરમાં ફોલેટ વધારવા માટે કોશિષ કરવી. લીલા પાંદડાવાળા શાકભાજી (પાલક

મેથી), નારંગી, સુકા બીન્સ, વટાણા વગેરેમાંથી કુદરતી રીતે ફોલેટ મળી શકે. વિટામિન બી-૧૨ દૂધ અને દૂધ માંથી બનાવવામાં આવતી ચીજોમાંથી સારા પ્રમાણમાં મળી શકે. તે ઉપરાંત દવા સપ્લીમેન્ટ તરીકે પણ લઈ શકાય.

બ્રેઈન પાવર વધારવા આટલું કરો:

૧) દિવસમાં ૩ થી ૪ વાર ઉંડા શ્વાસ લઈ બહાર કાઢો જેથી મગજને ઓકસીજન તથા લોહી મળી શકે.
૨) વધુ પડતા ચરબીવાળા ખોરાક લેવાનું ટાળો-નિકોટિન, આલ્કાહોલથી દૂર રહો.
૩) નવું નવું શીખવાનો પ્રયત્ન કરો. નવું શીખતા રહેવાથી મગજમાં ઉપયોગી નવા ટિશ્યુ બને છે.
૪) ક્રોસ પઝલ, સુડોકુ, ચેસ વગેરે રમો જેથી માનસિક કસરત થાય છે.
૫) ખૂબ હસો તેનાથી તમારો મૂડ સારો રહેશે અને મગજ શાંત રહેશે.

**- રમેશ એમ. શાહ.**

## લેડીઝ કોર્નર (દૂધ ગરમ કરવાની સાચી રીત)

ઈન્ડીયન મેડિકલ એકડેમીના એક સર્વેમાં એમ જાણવા મળેલ છે કે આપણી ભારતીય ગૃહિણીઓ દૂધ જે રીતે ગરમ કરવું જોઈએ તે રીતથી અજાણ છે, જેથી દુધમાંથી મળવા જોઈએ તો પોષ્ટિક તત્વો ઘરની વ્યક્તિઓને મળતા નથી. ઘણી ખરી ગૃહિણીઓને દૂધ ઉકાળવાની સાચી રીત ખબર ન હોવાથી આવું બને છે.

નિષ્ણાતો કહે છે કે દૂધ ઉકાળવાની સાચી રીત જાણવી જરૂરી છે ખાસ કરીને આપણા જેવા શાકાહારીઓને જેઓ પૌષ્ટિક તત્વો માટે દૂધ ઉપર આધાર રાખે છે. દૂધ એક સંપૂર્ણ પણે પૌષ્ટિક આહાર છે. દૂધ વારંવાર ગરમ કરવામાં આવે અને તે પણ અત્યંત ઉંચા તાપમાને તો દૂધમાં રહેલ પૌષ્ટિક તત્વોનો નાશ થઈ જાય છે. અથવા તો ઓછા થઈ જાય છે. સાધારણ પણે આપણા ઘરમાં મહિલાઓને દૂધ વારંવાર ગરમ કરવાની આદત હોય છે.

દૂધને સાચી રીતે ઉકાળવા માટે, તે પાંચ મિનીટથી વધારે તેમજ બહુ ઊંચા તાપમાને ન ઉકાળવું. દૂધ ઉકળતું હોય ત્યારે થોડી થોડી વારે હલાવવું જરૂરી છે. દૂધને વધારેમાં વધારે બે વાર ઉકાળી શકાય - ત્રણ વારથી વધારે વાર દુધને ઉકાળતા પૌષ્ટિક તત્વોનું તેમાંથી બાષ્પિભવન થઈ જાય છે.

**ટાઈમ્સ ઓફ ઈન્ડીયા રિપોર્ટના આધારે**

## શું તમે જાણો છો ?

જી હા, તમને આ વાતે ગળે નહીં ઉતરે પણ આ એક હકીકત છે કે દુનિયામાં ઘણી એવી કંપનીઓ છે જેમની અધધ આવક, કેટલાય દેશોની ટોટલ આવક કે તેમના ટોટલ બજેટ કરતા અનેક ઘણી છે. મોટા ભાગે આવી કંપનીઓ અમેરિકાની છે જેમનો વાર્ષિક નફો અબજો ડોલરોમાં થાય છે.

ઈન્ટરનેટ કંપની **યાહુ** ની કુલ આવક ૬.૩૨ અબજ ડોલર છે જ્યારે મોંગોલિયા દેશની કુલ જીડીપી ૬.૧૩ અબજ ડોલર છે. જુતા બનાવનાર કંપની જેને આપણે સારી રીતે જાણીએ છે - **નાઈકી**ની કુલ આવક ૧૯.૧૬ અબજ ડોલર છે. જ્યારે પેરાગ્વે દેશની જીડીપી ૧૮.૪૮ અબજ ડોલર છે.

મેકડોનાલ્ડ કંપનીને આપણે સહુ સારી રીતે જાણીએ છીએ. મોટી ફાસ્ટફૂડ ચેઈન કંપનીના બર્ગરના

